(૫)

અગત્યાનું
તાકીદ

સામાન્ય વહીવટ વિભાગ
125 FEB 2015
155206

હજ કો-ઓર્ડીનેટર/મદદનીશ હજ અધિકારી તેમજ હજ મદદનીશ તરીકે પ્રતિનિયુક્તિથી હંગામી કામગીરી બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ક્રમાંકઃહજસ-૧૦૨૦૧૫-ભા.સ./૩૨૭/હ.સ.
બ્લોક નં.૮, ૮મો માળ, નવા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૩/૨/૨૦૧૫.

**પરિપત્ર :-**

૧. ભારત સરકારના વિદેશ મંત્રાલયના તા.૧૩/૨/૨૦૧૫ ના કચેરી મેમોરેન્ડમ ક્રમાંક:M(Haj)/1183/09/2015 થી રાજ્ય સરકાર/ જાહેર સાહસો/સ્વાયત્ત સંસ્થાઓમાં કામ કરતાં મુસ્લિમ પુરુષ કર્મચારીઓ પાસેથી કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડીયા, જીદ્દાહ, સાઉદી અરેબિયા ખાતે હજયાત્રીઓને મદદ કરવા માટે કોઓર્ડીનેટર, આસીસ્ટન્ટ હજ ઓફીસર અને હજ આસીસ્ટન્ટ માટે અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ કામચલાઉ પ્રતિનિયુક્તિ છે. જે લગભગ બે-ત્રણ માસ માટે હોય છે.

૨. આ માટેની લાયકાતના ધોરણો અને બીજી બોલીઓ તથા શરતો તા.૧૩/૨/૨૦૧૫ ના કચેરી મેમોરેન્ડમના એનેક્ષર-A માં દર્શાવેલ છે. જે વિદેશ મંત્રાલયની વેબસાઈટ www.mea.gov.in અને હજ કમીટી ઓફ ઈન્ડીયાની વેબસાઈટ www.hajcommittee.com ઉપર પણ મુકેલ છે.

૩. આ માટે અરજી કરવા ઈચ્છતા અરજદારોએ તેમની અરજી ઓન-લાઈન વેબસાઈટ http:/hajmea.nic.in/haj ઉપર કરવાની રહે છે અને ઓન-લાઈન અરજીની નકલ, સફેદ બ્રેકગ્રાઉન્ડવાળા છ નંગ પાસપોર્ટ લાઈઝના ફોટા સહિત જે અરજદારો કેન્દ્ર/રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર હસ્તક કામ કરતાં હોય તેઓએ તેમની અરજીઓ તેમના ખાતાના વડા/ રાજ્ય, કેન્દ્ર, કે કેન્દ્રશાસિત પ્રદેશના સચિવાલય મારફતે ભારત સરકારના વિદેશ મંત્રાલયને મોકલી આપવાની રહે છે અને જે અરજદારો સ્વાયત્ત સંસ્થાઓ અને જાહેર સાહસોમાં કામ કરતાં હોય તેમણે તેમની અરજીઓ તેમની સંસ્થાના વડા/ઝોન/પ્રાદેશિક કચેરીના વડા મારફતે ભારત સરકારના વિદેશ મંત્રાલયને મોકલી આપવાની રહે છે.

૪. ઓન-લાઈન અરજી કરવાની છેલ્લી તા.૧૧/૩/૨૦૧૫ છે અને અરજીની હાર્ડકોપી વિદેશ મંત્રાલયને મોકલી આવાની છેલ્લી તા.૯/૪/૨૦૧૫ છે.

૫. જેથી ભારત સરકારના આ ઓફીસ મેમોરેન્ડમ તરફ તમામ વિભાગ/કચેરીના વડાનું ધ્યાને દોરી તેમના મુસ્લિમ પુરુષ કર્મચારીઓમાં આ બાબતને પરિપત્રિત કરવા વિનંતી છે.

(ઉસ્માન પટેલ)
સચિવ,
ગુજરાત રાજ્ય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ

૫૦૭/મ-૩
૧૬/૩/૧૫

25 APR 2015
INWARD No. 4235

પ્રતિ,
➢ માન.રાજ્યપાલશ્રી અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર ધ્વારા)

➢ રજીસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ (પત્ર ધ્વારા)
➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર (પત્ર ધ્વારા )
➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્ર ધ્વારા )
➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર ધ્વારા )
➢ સચિવાલયના સર્વે વિભાગો

સચિવાલયના સર્વે વિભાગોએ પોતાના હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓને પરિપત્રિત કરવાની વિનતી સહ.

➢ સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(પત્ર ધ્વારા )
➢ સર્વે જાહેર સાહસો/ સ્વાયત્ત સંસ્થાની કચેરીઓ
➢ સામાન્ય વહીવટ વિભાગ/ઘ શાખા
➢ સામાન્ય વહીવટ વિભાગ/ખ શાખા, IWDMS/GSWAN ઉપર મુકવાની વિનંતી સહ.
➢ સિલેકટ ફાઈલ.

---

## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધોઃ સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃહજસ-૧૦૨૦૧૫-ભા.સ/૩૨૭/હ.સ./તા.૨૩/૨/૨૦૧૫

પ્રતિ,
આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.
ર/-જાણ તથા સરકારશ્રીના ઉકત વંચાણે લીધેલ પરિપત્રને આપના વિભાગ/કચેરીમાં ફરજ બજાવતા મુસ્લીમ કર્મચારીઓના ધ્યાને લાવવા સારૂ.

સામેલઃ ઉપર મુજબ

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૪૬૮ /૨૦૧૫
તા.૨૭/૦૪/૨૦૧૫

કુલસચિવ

---

ક્ર— ૫૨૦/૫-૩
તા. ૭/૫/૧૫